# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૬૯ તા.૧૧-૩-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ શાળાને જણાવવાનું કે આપની શાળામાં કામ કરતાં તમામ શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક સ્ટાફ (જેવા કે પગી, પા.પા., સફાઈ કામદાર, સિકયુરીટી)ની માહિતી કોમ્પ્યુટરાઈઝડ કરવાની હોઈ હાલ (તા.૧-૩-૧૫)ની સ્થિતિએ કામ કરતા સ્ટાફની માહિતી દિન-૭માં નમુના મુજબના પત્રકમાં વ્યક્તિગત વિગતો ભરી મુખ્ય ઓફિસે (એસ્ટાબ્લીશમેન્ટ વિભાગ, એલિસબ્રીજ શા.નં.૧૦, નવરંગપુરા ખાતેની કચેરી)માં અચૂક રૂબરૂ પહોંચાડવા વ્યવસ્થા કરશો.

તા.૧૧-૩-૧૫ ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

નોંધ :-

૧. માહિતી પત્રકનો નમુનો વેબસાઈટ પર પરિપત્ર સાથે મુકવામાં આવેલ છે તે નમુનો ડાઉનલોડ કરી દરેક શિક્ષક કર્મચારીએ વ્યક્તિગત વિગતો ભરીને શાળાના કામ કરતા કર્મચારી,સકયુરીટીની યાદી સાથે પત્રકો સામેલ કરી મોકલી આપવા.

૨. માહિતી શાળાના રેકર્ડ તેમજ પગાર બીલ સાથે ચકાસણી કર્યા પછી જ, સુવાચ્ય અક્ષરે ગુજરાતીમાં તૈયાર કરવી.

૩. આ.શિ. / વિદ્યાસહાયક નોકરીમાં દાખલ થયા પછી નામમાં ફેરફાર કરાવેલ હોય તો હાલના નામની સાથે જૂનું નામ અવશ્ય લખવું.

૪. અભ્યાસ અંગેની માહિતી જેવી કે, સ્નાતક, અનુસ્નાતકમાં લીધેલ વિષયો, બી.એડ તેમજ અન્ય વ્યવસાયિક લાયકાતોમાં લીધેલ વિષયો જેવી માહિતી કાળજી પૂર્વક ભરવી.

૫. કામચલાઉ શિક્ષકનો પગાર જે શાળામાંથી નીકળતો હોય તે શાળામાંથી તેમની માહિતી ભરવી તેમજ આ શિક્ષક જે શાળામાં કામગીરી બજાવતા હોય તે શાળાનું નામ અચૂક લખવું. તે અંગેના હુકમની ઝેરોક્ષ સામેલ રાખવી.

૬. શાળામાં જે તે માધ્યમ ઉપરાંત અન્ય માધ્યમના એટેચ વર્ગો ચાલતા હોય તો તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરી તેના માહિતી પત્રકો પણ અલગથી યાદી બનાવી સાથે સામેલ કરવું.

૭. જે કોઈ શિક્ષક હાલ લાંબી રજા પર હોય તો પણ તેની માહિતી ભરાવવાની વ્યવસ્થા કરી મોકલી આપવાની રહેશે.

૮. ઓફિસે નિમણૂંક કરેલ (એચટાટ)મુખ્ય શિક્ષકોએ પણ હોદ્દા સાથે આ માહિતી વિગતે ભરી મોકલવું.

૯. એક તરફી જિલ્લા ફેરબદલી, અરસ-પરસ જિલ્લા ફેરબદલી કે ખાસ કિસ્સામાં જિલ્લા ફેરબદલીથી આવેલ શિક્ષકોએ જિલ્લામાં દાખલ તારીખ અને અત્રે સ્કૂલ બોર્ડમાં દાખલ થયા તારીખ સ્પષ્ટ લખવી, અધૂરી વિગત રાખવી નહીં.

૧૦. ધો.૬ થી ૮માં વિકલ્પ પસંદ કરી શાળા પસંદ કરેલ છે, તે શિક્ષકોએ હોદ્દામાં ઉચ્ચ પ્રા.શિક્ષક અને ધો.૧ થી ૫માં કામ કરતા શિક્ષકોએ હોદ્દામાં પ્રા.શિક્ષક લખવું.

૧૧. સળંગ નોકરીની તારીખમાં નોકરીમાં ખાલી જગાએ (પ્રોબેશન પર) મૂકાયેલ તારીખ સ્પષ્ટ જણાવવી. અવેજી જોઈન્ટ થઈ હોય તો તે અલગ બતાવવી.

૧૨. જે શિક્ષકો પાસે સિવિલ સર્જનનું સર્ટી હોય તે શિક્ષકોએ શારીરિક ક્ષતિ શેની છે તેની વિગત ચોકસાઈથી ભરવાની રહેશે.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ
## કર્મચારી માહિતી પત્રક

| શાળાનું નામ (પગાર જે શાળામાંથી નીકળતો હોય તે શાળા) | |
|---|---|

| કર્મચારીનું નામ | અટક | નામ | પિતા / પતિનું નામ (પુરુ લખવું) |
|---|---|---|---|
| હાલનું પગાર સ્લીપ મુજબનું નામ | | | |
| ખાતામાં દાખલ થયા વખતનું નામ | | | |

| | | | |
|---|---|---|---|
| હોદ્દો (સી.આર.સી./મુખ્ય શિક્ષક/શિક્ષક/ વિદ્યાસહાયક/પા.પા./પગી) | | એમ્પ્લોઈ નંબર | |
| પ્રાથમિક શિક્ષક કે ઉ.પ્રાથમિક શિક્ષક? | | જો ઉ.પ્રા.શિ. હોય તો વિષય | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| કેટગરી | એસ.સી./એસ.ટી./સા.શૈ.પ.વ./જનરલ | જન્મ તારીખ | | શારિરીક ક્ષતિ | | ટકા | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| રહેઠાણનું સરનામું | | | | | |
| | | | | | |
| | | | | | |
| | વિસ્તાર | | જિલ્લો | | પીન કોડ |

| | | | |
|---|---|---|---|
| રહે. ફોન નંબર | | મોબાઈલ નં. | |

| જોઈન્ટ થયેલ અવેજીની પ્રથમ તારીખ | ખાલી જગાએ મુકાયા તા. / ખાતામાં દાખલ તારીખ | જીલ્લા ફેરથી આવેલ હોય તો તે તારીખ | વિદ્યાસહાયકમાંથી પુરા પગારે મુકાયા તારીખ | નિવૃત્તિની તારીખ |
|---|---|---|---|---|
| | | | | |

### શૈક્ષણિક લાયકાત

| લાયકાત | અભ્યાસની શાખા બી.એડ., બી.એસ.સી.,એમ.એડ. વગેરે | પાસ કર્યા માસ / વર્ષ (અંકમાં દર્શાવવું) | માધ્યમ | મુખ્ય વિષય | મંજૂરી લીધેલ છે? |
|---|---|---|---|---|---|
| પી.ટી.સી. | | | | | |
| સ્નાતક | | | | | |
| અનુ સ્નાતક | | | | | |
| તાલીમી સ્નાતક | | | | | |
| તાલીમી અનુ સ્નાતક | | | | | |
| પી.એચડી/એમ.ફીલ. | | | | | |
| સી.સી.સી. | | | | | |
| એચ.ટાટ. | | | | | |
| અન્ય | | | | | |

### બદલીની વિગત

| વિગત | શાળાનું નામ | TSF / AO ઠરાવની વિગત | | કઈ તારીખ થી | કઈ તારીખ સુધી | બદલીનું કારણ (જિલ્લા ફેર/ વધ ઘટ / ઉ.પ્રા.શિ. વિકલ્પ / માંગણી / મુ.શિ. બઢતી / મર્જ / ડી મર્જ / અન્ય કારણ (દર્શાવવું) |
|---|---|---|---|---|---|---|
| | | નં. | તારીખ | | | |
| નિમણૂંકની શાળા | | | | | | |
| બદલીની શાળા(૧) | | | | | | |
| બદલીની શાળા(૨) | | | | | | |
| બદલીની શાળા(૩) | | | | | | |
| બદલીની શાળા(૪) | | | | | | |
| બદલીની શાળા(૫) | | | | | | |
| બદલીની શાળા(૬) | | | | | | |
| હાલની શાળા | | | | | | |
| કામ ચલાઉ બદલી | | | | | | |

શિક્ષકની સહી

શાળાના આચાર્યની સહી તથા સિક્કો